Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ. ૧૯ મું. સં. ૧૯૫૯
અંક ૪ થો. અષાડ.

# જૈનધર્મ પ્રકાશ

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्यदानं, शीलं सदांगीकरणीयमेव ।
तप्यं तपो भावनयैव कार्या, जिनेंद्रपूजा गुरुभक्तिरुद्यमः ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | નિ:સાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. | ૭૩ |
| ૨ | જૈન કોનફરન્સ. | ૭૫ |
| ૩ | હાલમાં પ્રગટ થતા જૈન ગ્રંથો. | ૭૯ |
| ૪ | જૈન ડીરેકટરીની જરૂર. | ૮૨ |
| ૫ | ધ્યાન વિષય. | ૮૪ |
| ૬ | જીર્ણ ગ્રંથોદ્ધાર. | ૯૦ |
| ૭ | વૈરાગ્ય. | ૯૧ |
| ૯ | વર્તમાન સમાચાર. | ૯૫ |


અમદાવાદ.

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું

વીર સંવત ૨૪૨૯ શાકે ૧૮૨૫ સને ૧૯૦૩

વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનીયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.

### સાધુ સાધ્વી પ્રત્યે ખાસ વિજ્ઞપ્તિ.

અમારી ઓફીસ બળી જતાં તેની અંદર જે સાધુ મુનિરાજ કે સાધ્વીજીનું પુસ્તક લખેલું કે છાપેલું બળી ગયું હોય તેમણે લખેલી પ્રતો લખાવીને તેનું લખામણ ખુશીથી અમારી પાસેથી મંગાવી લેવું અથવા અમને લખાવી આપવા સૂચવવું અને છાપેલી બુકો અમારી પાસેથી મંગાવી લેવી. એમાં કિંચિત્ પણ સંકોચ ધરાવવો નહીં.

અમરચંદ ઘેલાભાઇ મંત્રી.

### વિશેષ સમાચાર.

સભા તરફથી છપાયેલી બુકો ફરીને છપાવવાનું કામ શરૂ થઇ ચુકયુ છે. હાલ સુમારે દશ બુકો છપાય છે.

વેચવાની તમામ બુકો આવી ગઇ છે. જેમને ખપ હોય તેમણે અમારી પાસેથી મંગાવવી. જે રીતે લખશે તે રીતે મોકલશું.

લાઇબ્રેરીમાં તમામ બુકોનો ઘણે ભાગે સંગ્રહ થઇ ચુકયો છે. હજી વધારો શરૂ છે. થોડા વખતમાં પરિપૂર્ણ થઈ જશે. શા. ભીમશી માણેક તરફથી તેમજ ગુજરાત વર્નાકયુલર સોસાઇટી તરફથી છપાયેલી તમામ બુકોની એકેક નકલ ભેટ તરીકે મળી છે, નારાયણ હેમચંદ્રે અરધી કિંમતે તમામ બુકો આપી છે, બીજી પણ કેટલાએક ગૃહસ્થો તરફથી ભેટ તરીકે બુકો આવી છે તેની જુદી પહોંચ આપવામાં આવશે. સભાસદોએ તેમજ લાઇબ્રેરીના મેમ્બરોએ તેનો લાભ લેવાનું શરૂ રાખવું.

ચોપાનીયાના લવાજમ વિગેરેનું લેણું સુજ્ઞ મનુષ્યોએ તો મોકલવા માંડયું છે. સર્વે સજ્જનોને તે સંબંધી યાદ આપવામાં આવેછે.

### ભેટ સંબંધી સૂચના.

ગયા વરસની ભેટ હવે પછી પાછલું લવાજમ મોકલનારને મળી શકશે નહીં પરંતુ ચાલતા વર્ષના લવાજમ સાથે મોકલશે તો હજી પાછી ભેટ આપશું નવા વર્ષની ભેટના ઇચ્છકે પણ વરતમાં લવાજમ મોકલવાનું લક્ષમાં લેવું.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

दोहरो.
मनु जन्म पामी करी, करवा ज्ञान विकाश;
नेह युकत चित्ते करी, वांचो जैन प्रकाश.

पुस्तक १९ मुं. शाके १८२५. संवत १९५९. अषाड अंक ४ थो.

ॐ अर्ह नमस्तत्त्वाय नमः स्याद्वादिने.

## निःसार आ संसारमां छे सार ते समजी करो.

हरिगीत.

છે ચપળ આયુ અલ્પ તેથી જૈન જ્ઞાન ભણી ગણી,
ષટ દ્રવ્ય સમજી તત્વ શકિત ફેરવો આત્મા તણી;
અકલેશકારી સ્વગુણ રત્ન કમાઇને સ્થિર થઇ ઠરો,
**નિ:સાર આ સંસારમાં છે સાર તે સમજી કરો.** ૧
પરણેલીથી સંપે સદા રહિ શ્રાદ્ધ ધર્મ સુ સાધવો,
જૈનોન્નતિ વૃદ્ધિ થવા શ્રી સંઘને આરાધવો;
બહુ પાપ તાપ નિવારવા થઇ યોગ્ય સંયમ આદરો,
નિ:સાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. ૨
વળી પુન્ય યોગ સુપુત્ર પુત્રિ સુધારી માર્ગ બતાવવો,
નહિ ઇષ્ટ એવા યોગમાં સમભાવને બહુ ભાવવો;
માર્ગાનુસારી ધર્મ પાળી દુઃખને વેગે હરો,
નિ:સાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. ૩
સાક્ષાત સ્વાર્થી સગાં થકી વૈરાગ્યની લહિ વાસના,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનધર્મ ગુરૂ આરાધવા કરિ શુદ્ધ ભાવે ઉપાસના;
પરમાર્થ સાધિ સદ્વિવેકે શિઘ્ર ભવ ઉદધિ તરો,
નિઃસાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. ૪
સ્ત્રિ પુરૂષ સ્વાર્થિ પ્રેમને જો પૂર્ણ રીતે ઓળખો,
તો પરમ અર્થ સ્વરૂપ સાચો સ્વાર્થ તેને પારખો;
ઉલટ ધરી ઉદ્યમ કરો પુરૂષાર્થને ન પરીહરો,
નિઃસાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. ૫
નિઃસાર છોડી સાર અમૃત તુલ્ય રત્નત્રયી તણો,
છે ધર્મ શુદ્ધ તથા વળી કારણપણે ઉપકરણનો;
આદર કરી બહુ માન સત્વર કાર્ય સિદ્ધ સુખે કરો,
નિઃસાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. ૬
અહો ધન્ય જેને મુગતિને સંસાર સમભાવે રહે,
ઉત્કૃષ્ટિ હદ છે એહની અતિ નિકટ ભવિ તે તો લહે;
જગદીશ રૂપ થવા અભય દઇ સર્વને નિર્ભય કરો,
નિઃસાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. ૭
પરદ્રવ્ય આશા એજ મોટું દુઃખ જાણી છોડવી,
નિરાશિ ભાવે ધર્મમાં દૃઢ દિલે કાયા ત્રોડવી;
નિઃકર્મ થાવા જૈન સેવક સાર વચન અનુસરો,
નિઃસાર આ સંસારમાં છે સાર તે સમજી કરો. ૮

## મનહર છંદ.

સિદ્ધ વિના સર્વ વિષે ગુણદોષ ઉભય છે, માટે આ સંસારમાંહે સાર એ મનાય છે,
કાંટાને જો કાઢવો તો કાંટાનોજ ખપ પડે, વિષનું ઔષધ વિષ શાસ્ત્રમાં કેવાય છે;
તેમ અપ્રશસ્ત આ સંસારમાં પદાર્થથકી, કર્મ લાગે તેને યોગ્ય પ્રશસ્ત જો થાય છે,
ઉક્ત ન્યાયે [1]રાગદ્વેષ ટળે [2]રાગદ્વેષથકી, છેવટે સમાધિવિષે લય થઇ જાય છે.૧
ક્રોધપર ક્રોધ કરી, માન રાખી માન હણો, માયા જીતવાને જ્ઞાન ધ્યાનની ગ્રંથી કરો,
લોભ રાખી મોક્ષનો ને લોભ એ સમુદ્ર તરો, દેવ ગુરૂ ધર્મપર રાગ તે અતિ ધરો;
આર્ત્ત રૌદ્ર માઠું ધ્યાન તેનાપર દ્વેષ રાખી, મનમાં ન આવે કદી એવી વૃત્તિએ ઠરો,
જુઓ પછી સાર કેવો આ સંસારમાંથી મળે, સદ્દગુરૂની સ્હાયથકી અમૃતપદ વરો.૨

---

૧ અપ્રશસ્ત. ૨ પ્રશસ્ત..

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગીતિ.

શ્રી જિનશાસન દ્વારા, સ્યાદ્વાદ સમજે ધન્ય તે પ્રાણી;
જૈન સેવક અતિ પુન્યે, જિન આજ્ઞા પાળી વરે સુખ ખાણી. ૧

જૈન સેવક ગિ૦ હે૦ માણસા. જૈનશાળા.

---

# जैन कोनफरन्स.

## ( તે સંબંધી જાણવા લાયક સમાચાર. )

પહેલી કોનફરન્સ **ફળોધીમાં** ભરાયા બાદ તેની બીજી બેઠક ક્યાં કરવી? તે બાબત ઘણા વખતથી ચરચાતાં તેનું પરિણામ લાવવા સારૂ આગેવાન વર્ગે તા.૨૬ મી જુનના રોજ **અમદાવાદ** મળવાનો નિર્ણય કર્યો હતો અને તે તારિખે આવવા માટે બહારગામ પણ આમંત્રણ પત્રો લખ્યા હતા. તેમજ અમદાવાદના ગૃહસ્થોને વખતસર પધારવાના ખબર આપવા માટે સરક્યુલર પણ બહાર પાડવામાં આવ્યો હતો. તેની નકલ—

"જૈન કોનફરન્સની બીજી બેઠક કયા સ્થળે અને કયા વખતે ભરવી તે બાબતપર અત્રેના તથા બહારગામથી આવનાર સદ્ગૃહસ્થો સાથે વિચાર કરી અમુક સ્થળ અને દિવસો નક્કી કરવા જેપુરનિવાસી **મી.ગુલાબચંદ ઢઢા.** એમ. એ. શુક્રવાર તા. ૨૬મી જુન સને. ૧૯૦૩ ના દિવસે સવારના અગ્યાર વાગે અત્રે પધારી રૂપાસુરચંદની પોળે શા.વીરચંદ દીપચંદના મકાનમાં ઊતરવાના છે. તે સાહેબની ઇચ્છા અનુસાર બહારગામના પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થોને એ પ્રસંગ પર મજકુર દિવસે અત્રે પધારવા પત્રદ્વારા આમંત્રણ કર્યુંછે તે સાહેબ તથા અત્રે આવનારા સદ્ગૃહસ્થોની મુલાકાત લેવા તથા એ બાબતપર એક બીજાનો અભિપ્રાય જણાવી નિર્ણય કરી સ્થાન અને દિવસો નક્કી કરવા સદરહુ દિવસે બપોરે ત્રણ વાગે સદરહુ મકાનમાં આપ અવશ્ય પધારવાની તસ્દી લેશો.

લી. સેવકો
(સહી) લાલભાઇ દલપતભાઇ
" વીરચંદ દીપચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર જણાવેલા કારણસર બહારગામના ગૃહસ્થો મુંબઇથી શેઠ ફકીરચંદ પ્રેમચંદ, ઝવેરી માણેકલાલ ઘેલાભાઇ, ઝવેરી ગુલાબચંદ ધરમચંદ, ઝવેરી. હીરાચંદ મોતીચંદ. શેઠ હેમચંદ અમરચંદ તલકચંદ તથા મોહનલાલ પુંજાભાઇ. ભરૂચથી શેઠ અનુપચંદ મલુકચંદ, ભાવનગરથી શા. કુંવરજી આણંદજી. જેપુરથી રા. ગુલાબચંદજી ઢઢા તથા સુંજાનમલજી અને અજમેરથી ધનરાજજી કાંટીયા વિગેરે અમદાવાદ આવ્યા હતા. તા. ૨૬ મી ની બપોરે ત્રણ કલાકે શેઠ વીરચંદ દીપચંદના મકાનમાં મીટીંગ થઇ હતી. તેમાં અમદાવાદના તમામ આગેવાન ગૃહસ્થો પધાર્યા હતા. ઉપર જણાવ્યા શિવાય બહાર ગામના બીજા પણ ઘણા ગૃહસ્થો હતા. પ્રથમ મુખ્ય મુખ્ય ગૃહસ્થોએ એકાંતમાં બેસી કેટલોક વિચાર ગોઠવ્યા બાદ રીતસર સભા ભરવામાં આવી હતી. પ્રમુખસ્થાન **શેઠ. જેશંગભાઇ હઠીશંઘને** આપવામાં આવ્યું હતું તે પ્રસંગે નીચે પ્રમાણે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

**૧ બીજી કોનફરન્સની મીટીંગ મુંબઇમાં ભરવી.**

**૨ પ્રમુખ સ્થાન બાબુસાહેબ બદ્રીદાસજીને આપવું.**

**૩ આસો માસના પ્રારંભમાં ભરવી.**

**૪ ડેલીગેટની ફી લેવી કે નહીં વિગેરે બાબતોનો નિર્ણય મુંબઇની રીસેપ્સન કમીટીએ કરવી.**

ઉપર પ્રમાણેના ઠરાવો કર્યા બાદ પ્રમુખ સાહેબનો, બહારગામથી આવેલા ગૃહસ્થોનો તથા શેઠ વીરચંદ દીપચંદનો અને છેવટે ગુલાબચંદજી ઢઢાનો આભાર માની સભા બરખાસ્ત થઇ હતી અને ત્યારબાદ બહાર ગામથી આવેલા ગૃહસ્થો અનુકુળતા મુજબ રવાને થયા હતા.

**( મુંબઇના સમાચાર )**

મુંબઇથી પધારેલા ગૃહસ્થોએ મુંબઇ પધાર્યા બાદ અશાડ સુદ ૮ મે સંઘ મેળવ્યો હતો અને તેમાં રીસેપ્સન કમીટી નીમવામાં આવી હતી. તેમાં સુમારે ૨૫૦ ગૃહસ્થો જુદા જુદા દેશાવરના પણ મુંબઇના રહેનારાઓને નીમવામાં આવ્યા છે.

અશાડ સુદ ૯ મે " **"કોનફરન્સ મેળવવાના લાભો તથા તેમાં ચર્ચવા યોગ્ય વિષયો"** સંબંધી **માંગરોળ જૈન સભામાં શા. કુંવરજી આણંદજીએ** એક લંબાણ ભાષણ આપ્યું હતું. જેની અસર શ્રોતાઓ ઉપર સારી થઇ હતી. ભાષણમાં મુખ્ય લાભ તરિકે-સંપની વૃદ્ધિ, વ્યાપાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાદિકની વિશેષ સગવડ, તીર્થાદિકના સંરક્ષણના કાર્યમાં વધારે એકત્રતાથી સારા પ્રયાસનુ બની શકવું, કોઇ પણ સુંદર ધારણાનો સહેલાઇએ અમલ થવો, હાલમાં થયેલી અવનતિનું નિવારણ અને ઊન્નતિની વૃદ્ધિ વિગેરે લાભો ઘણા સ્પષ્ટિ કરણ પૂર્વક બતાવી આપ્યા હતા.

કોનફરન્સમાં લેવા યોગ્ય વિષયોમાં તીર્થોનો જીર્ણોદ્ધાર, સામાન્ય ચૈત્યોનો જીર્ણોદ્ધાર, તીર્થોના તથા સામાન્ય ચૈત્યાદિના વહિવટોની સભાળ, ગેરવ્યવસ્થાનો અટકાવ, જીર્ણ પુસ્તકોનો ઊદ્ધાર, રહેલા પુસ્તકોનું યોગ્ય સંરક્ષણ, નવા બહાર પડે તે પુસ્તકોના સંબંધમાં યોગ્ય અંકુશ, જરૂરીઅતવાળા પુસ્તકો બહાર પાડવા માટે ઊચિત ગોઠવણ, કેળવણીની વૃદ્ધિ, કેળવણી લેનારાઓને મદદ, વ્યવહારિક કેળવણી સાથે ધાર્મિક કેળવણી આપવાની આવશ્યકતા, કન્યાશાળા માટે વાંચન બુકો તૈયાર કરાવવાની જરૂર, કન્યાઓને અભ્યાસ કરવાના સંબંધમાં ઊત્તેજન, વિવાહિત સ્ત્રીઓને માટે અભ્યાસની ગોઠવણ, અનાથ બાળકોનું રક્ષણ, અનાથ વિધવાઓને મદદ, નિરાશ્રીત જૈનોને યોગ્ય આશ્રય, હાનીકારક સાંસારિક રીત રીવાજોને અટકાવવાની જરૂર અને પ્રવેશ કરતા દુર્વ્યસનાદિનું નિવારણ વિગેરે બાબતો કેટલાક વિસ્તાર સાથે સૂચવી હતી. તેમાં પણ પાછળના બે ગંભીર વિષયોના પૃથક્ પૃથક વિભાગ સમજાવી તેની જરૂરીયાત સિદ્ધ કરી બતાવી હતી.

હાનીકારક સાંસારિક રીવાજોમાં મુખ્ય બાળલગ્ન, વૃદ્ધવિવાહ, મુત્યુ પાછળ જમણ, ફરજીયાત ખર્ચો વિગેરે બતાવ્યા હતા અને પ્રવેશ કરતા દુર્વ્યસનોમાં સોડા વોટરથી માંડીને અપેય પદાર્થોનું પાન, અભક્ષનું ભક્ષણ અન અન્ય દુરાચારો સૂચવ્યા હતા.

ઉપર જણાવેલું ભાષણ સમાપ્ત થયા બાદ બીજા વકતાઓ પણ તે સંબંધમાં સારૂં બોલ્યા હતા.

ત્યારબાદ અશાડ શુદ ૧૦ મે માંડવી બંદર **મુનિરાજ શ્રી મોહનલાલજી**ની સમક્ષ રીસેપ્શન કમીટી એકઠી મળી હતી. અને તે પ્રસંગે સુરતી, જામનગરી, માંગરોળી, કચ્છી, ગોઘારી વિગેરે તમામ વગના આગેવાનો પધાર્યા હતા. તેમાં કોરસ્પોંડ્સ તથા સબજેક્ટ કમીટી, મંડપ કમીટી, ભોજન વ્યવસ્થા કમીટી, આવાસ વ્યવસ્થા કમીટી, વોલંટીઅર કમીટી વિગેરે કમીટીઓ નીમાણી હતી અને ખર્ચને માટે ફંડની શરૂઆત થઇ હતી. જેમાં થોડા વખતમાં રૂ. ૩૦૦૦ ) લગભગ ભરાયા હતા. અને કોનફરન્સમાં આવનારા ડેલીગેટોને માટે ત્રણ દિવસના જમવાનાં આમંત્રણ નોંધાયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ રીસેપ્શન કમીટીનું કામ આગળ ચાલ્યું છે. તેના પ્રમુખ તરિકે **શેઠ વીરચંદ દીપચંદ**, સેક્રેટરી તરિકે **શેઠ ફકીરચંદ પ્રેમચંદ** અને ખજાનચી તરિકે **ઝવેરી હીરાચંદ મોતીચંદ** નીમાયેલા છે. દરેક સબ કમીટીના ચેરમેન અને સેક્રેટરીઓ જુદા જુદા નીમાણા છે. ચીફ સેક્રેટરી તરિકે શેઠ ફકીરચંદ પ્રેમચંદે સારો પ્રયાસ લેવા માંડયો છે બહાર ગામના આગેવાન ગૃહસ્થો સાથે સબજેકટો સંબંધી તેમજ વકતાઓ વિગેરે સબંધી કોરસ્પોંડ્સ શરૂ થયું છે.

ખર્ચને માટે ફંડમાં બીજી રકમો ભરવાનું કામ આગળ ચાલ્યું છે. દરેક સબકમીટી પોતપોતાના કાર્યમાં સાવધાન થઇ ગઇ છે, ઉત્સાહ સારો છે. મુનિમહારાજ સાથે પણ પત્રવ્યવહાર શરૂ કર્યો છે, વકતાઓની શોધ અને તૈયાર કરવાનો પ્રયત્ન ચાલે છે.

આ બાબતમાં કેટલાએક વિઘ્નસંતોષી માણસો અમદાવાદ વિગેરે સ્થળોમાં ખોટી અસર ફેલાવવા લાગ્યા છે. તેઓ એમ જણાવે છે કે—આ કોનફરન્સમાં ભાણાવ્યવહાર ત્યાં કન્યાવ્યવહાર અને એક ધર્મ પાળનાર સાથે એકત્ર ભાણાવ્યવહાર કરવા વિગેરેના ઠરાવો પસાર થવાના છે અને તેનો અમલ થવાનો છે. પણ આ વાત પાયાદાર નથી કારણ કે હાલમાં કેટલાક વિષયો લેવાને માટે તો ખાસ નિરોધ ધારેલો છે.

૧ સાધુ મુનિરાજ બાબત—

૨ જન ગણાતા દીગંબરી, ઢુંઢીઆઓ વિગેરેના દીલ દુખાય તેવી બાબત.

૩ ગ્નાતિ વિગેરેના પ્રબંધમાં ખલેલ થાય અને જેથી ગ્નાતિના આગેવાનો ભાગ લેતા અટકે તેવી બાબત.

આ બાબતો હાલમાં હાથ ધરવામાં આવનારી નથી. તેમજ કેટલાક ઠરાવો માત્ર કોનફરન્સનો અભિપ્રાય જાહેર કરનારા થવાના છે અને જેનો અમલ થઇ શકે તેવા કેટલાક ઠરાવો અમલમાં મુકવા માટે તેવા રૂપમાં પસાર થવાના છે. બધા ઠરાવો એક સરખા રૂપમાં પસાર થવાના નથી.

ખાસ જરૂરની બાબતતો એ ધારવામાં આવી છે કે કોનફરન્સમાં જે જે ઠરાવો જે જે રૂપમાં પસાર થાય તેનો યથાયોગ્ય અમલ કરવા માટે તરતમાંજ એક કોનફરન્સ ઓફીસ ખોલવી અને તેમાં પગારદાર સેક્રેટરી તેમજ કલાર્ક વિગેરે રાખીને થએલા ઠરાવોની બાબત પત્ર વ્યવહાર ચલાવવો, પ્રેરણાઓ કરવી, ખબરો આપવા વિગેરે કામ શરૂ રાખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ શિવાય બીજી પણ અનેક બાબતો છે કે જે વિદ્વાન જૈનબંધુઓ વક્તા તરિકે દેખાવ આપીને મુંબઇમાં એકત્ર થનાર મંડળીની સમક્ષ એવી રીતે રજુ કરશે કે જેને મંડળ જરૂર અમલમાં મુકવા યોગ્ય ધારી લક્ષપર લેશે.

આ સંબંધમાં હાલ વધારે લખવાની આવશ્યકતા ન હોવાથી આગળ ઉપર લખશું.

# हालमां प्रगट थता जैन ग्रंथो.

## ( એક વિદ્વન્મંડળ સ્થાપવાની ખાસ જરૂર. )

હાલમાં બુકો છપાવવાનું કામ ધમધોકાર વધતું જાય છે તેમાં કેટલાક નામ બહાર પાડવા છપાવે છે, કેટલાક પૈસા કમાવવા માટે છપાવે છે અને કેટલાક જૈન વર્ગને અપૂર્વ ગ્રંથોનો સહજમાં લાભ મળવા માટે છપાવે છે. છપાવવાના સંબંધમાં જો કે હજુ બે મત છે અને નહી છપાવવાના મતવાળાઓ આશાતના થવા વિગેરેના જે કારણો બતાવે છે તે ના ન પાડી શકાય તેવા છે. તો પણ છપાવવાથી જે અનુકુળતા અને જે ફેલાવો થયો છે તેવી અનુકુળતા અને તેટલો ફેલાવો નહીં છપાવવાથી કદિપણ થઇ થઇ શકે તેમ નહોતુ. કારણ કે લખાવવામાં **ખરચનો વધારો અને અશુદ્ધ લેખ** એ બે બાબત એટલી બધી ધ્યાનપર લેવા યોગ્ય છે કે, તેને બદલે જો પ્રેસ વિગેરેમાં થતી આશાતનાઓને અટકાવીને સારી ગોઠવણથી, શુદ્ધાશુદ્ધનો નિર્ણય કરાવીને, ટકાઉ કાગળો ઉપર, ચોખા ને ઉઘડતા મોટા ટાઇપોથી, મજબુત બાઇડીંગ સાથે ખાસ જરૂરીઅતના અને ફેલાવવાની જરૂરીઅતવાળા ગ્રંથો છપાવવામાં આવે તો વારંવાર અશુદ્ધને સુધારવાની પારાવાર મેહેનત બચે, કે જે મહેનતના કરનારા અને શુદ્ધાશુદ્ધ સમજનારા મુનિરાજ વિગેરે પણ મળવાની પૂરેપૂરી મુસ્કેલી છે. એટલુંજ નહીં પણ લહીઆઓ કે જે પુષ્કળ દ્રવ્ય લઇ જાય છે છતાં અશુદ્ધને કુચા જેવા પુસ્તકો માત્ર પુસ્તક એકઠું કરવાની વાસનાવાળા પણ અક્ષર જ્ઞાનવિનાના સાધુઓને તેમજ શ્રાવકોને લખી આપે છે અને વેચી જાય છે તેનો પણ અટકાવ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લાભ કાંઇ નાનો સુનો નથી, પરંતુ છપાવવાની તરફેણના વિચાર‧વાળાઓને પોતાના વિચાર પણ ફેરવવા પડે એવા કારણો હાલમાં બનતા જાય છે તે ખરેખરૂં ખેદકારક છે.

કમાવાનીજ લાલચવાળા અને નામ બહાર પાડવાના લોભીઓ એવી રીતે પુસ્તકો છપાવવા મંડયા છે કે નહીં તો શુદ્ધાશુદ્ધની સંભાળ, નહીં કાગળની દરકાર અને નહીં ટાઇપ ઉડે છે કે ઉડી જાય છે તેનું નિરીક્ષણ–માત્ર તાકીદે છપાવવું, બુકો ખપાવવી, મોટા મોટા ગ્રંથના અને તેના કર્ત્તાના નામથી રળી ખાવું, પુસ્તક લીધા પછી લેનારાને પસ્તાવો કરાવવો અને ચીંથરીઆ પુસ્તકો કે નાની નાની રખડતી બુકો છપાવી નામ બહાર પાડવું. આ ખરેખરો દિલગિરીનો વિષય છે.

આવી પ્રવૃતિના છાંટા પરમાર્થ બુદ્ધિએ કામ કરનારા અને જાત મેહેનત કરી જ્ઞાન ખાતામાં લાભ આપનારાઓને પણ લાગ્યા છે. શાસ્ત્રીઓ કે પંડિતો પગારદાર રાખીને અથવા દર સો શ્લોકે અમુક રકમ આપવાનું ઠરાવીને મોટા મોટા ગ્રંથો કે ચરિત્રોના ભાષાંતરો કરાવવામાં આવે છે અને તેની પુરતી તપાસ કર્યા કરાવ્યા શિવાય છપાવીને બહાર પાડી દેવામાં આવે છે જેથી કેટલીક વખત લાભને બદલે ઉલટી હાની થાય છે. એટલે કે કેટલાક ખાસ પ્રસંગમાં અર્થનો અનર્થ પણ થાય છે. આવી રીતે પરમાર્થ બુદ્ધિએ છપાવનારા હાલમાં તો મુખ્ય બે મંડળ દેખાય છે. એક અમદાવાદની વિદ્યાશાળા અને બીજી ભાવનગર જૈનધર્મ પ્રસારક સભા. અમદાવાદ વિદ્યાશાળાના સંબંધમાં તેમણે બહાર પાડેલ શીળોપદેશમાળાના ભાષાંતરમાં અમે અનેક ભૂલો બતાવી છે, ઋષીમંડળના ભાષાન્તરમાં પણ અનેક ભૂલો થયેલી છે; તેવી રીતે શ્રી જૈનધર્મ સભા તરફથી બહાર પાડવામાં આવેલા ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર વિગેરેના ભાષાન્તરમાં કેટલીક ભૂલો વિદ્વાન જૈન મુનિઓ તરફથી બતાવવામાં આવેલ છે, જો કે બીજાના પ્રમાણમાં બહુ અલ્પ છે તો પણ એટલી ભૂલો થવાના કારણ શાસ્ત્રીપરનો વિશ્વાસ પોતાની અલ્પજ્ઞતા અને બહુ શ્રુત મુનિરાજને પુછવામાં પ્રમાદ વિગેરે છે.

પોતાના લાભ માટે પુસ્તકો છપાવનાર પૈકી ભીમશી માણેક, હીરાલાલ હંસરાજ, રવજી દેવરાજ, ચીમનલાલ સાંકળચંદ, મગનલાલ હઠીશંઘ વિગેરે છે, તેમના છપાવેલા દરેક પુસ્તકોના સંબંધમાં અત્ર બોલવાનો અવકાશ નથી તેમજ અમે કાંઈ સૌની ભૂલો બતાવવા બેઠા નથી. પરંતુ એ બધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસિદ્ધ કર્ત્તાઓ પોતા તરફથી બહાર પડતા પુસ્તકોના સંબંધમાં પૂરતુ ધ્યાન આપતા નથી, કેટલાક તદ્દન હલકા કાગળો વાપરે છે, કેટલાક ખાસ બીજાના વિશ્વાસપર કામ ચલાવે છે અને પોતાને અનુભવ નહીં છતાં પોતાનું નામ બહાર પાડે છે. આ બાબતમાં ખાસ ખેદકારક હકીકત તો એ છે કે મહા ઉપગારી પૂર્વાચાર્યો પોતાને થયેલા ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા જ્ઞાનનો પુષ્કળ ખર્ચ કરીને આપણા ઉપગાર માટે જે જે અપૂર્વ ગ્રંથો રચી ગયા છે તેની ખરી ખુબીને આપણે પ્રમાદાદિકના વશથી ઊંધી વાળીએ છીએ. અને આપણા જૈન બંધુઓને તેવા ગ્રંથના તેમજ તેવા ગ્રંથ કર્ત્તાના નામથી ઠગીએ છીએ. આ સંબંધમાં કોઇને ખોટું લગાડવાની કે હલકા પાડવાની અમારી ધારણા નથી પરંતુ હવે પછી તેવા અપૂર્વ ગ્રંથોને યથાસ્વરૂપજ બહાર પાડવાનો નિશ્ચય કરાવવાની અમારી ધારણા છે. અને એટલાજ માટે જૈન સમુદાયમાંથી સાધું મુનિરાજનું તેમજ યોગ્ય શ્રાવકોનું એક વિદ્વન્મંડળ સ્થાપન કરવાની ખાસ આવશ્યકતા છે.

આવાં વિદ્વન્મંડળ માંહેના કોઇ પણ એક અથવા તેથી વિશેષ વિદ્વાનોની પાસે તે મંડળના સેક્રેટરી મારફત કોઇ પણ પુસ્તક પ્રસિદ્ધ કરવા ઇચ્છનાર પોતે તૈયાર કરેલ ગ્રંથ રજુ કરે અને તેઓ પૂરતી તપાસ કર્યા બાદ છપાવવા માટે લેખી સંમતી આપે તો તેમની સલાહ અનુસાર ટકાઊ કાગળ, સારા ટાઇપ અને મજબુત બાઇડીંગવડે તે ગ્રંથ બહાર પાડે. જેની અંદર તેમનો અભિપ્રાય પણ પ્રગટ કરે. જેથી કોઇ પણ જૈન વગર વાંધે તેનો સ્વીકાર કરે અને બનતું ઉત્તેજન આપે.

જો વિદ્વન્મંડળ પાસે રજુ થયેલ ગ્રંથના સંબંધમાં તેમના તરફથી તેવી સ્થિતિનાં તે ગ્રંથ છપાવવાની મનાઇ કરવા આવે છતાં કોઈ છપાવે અથવા વિદ્વન્મંડળ પાસે મુક્યા શિવાયજ સ્વતંત્ર છપાવે અને તે ગ્રંથ તપાસતાં અયોગ્ય સ્થિતિમાં છપાએલો જણાય તો તે વિદ્વન્મંડળ તરફથી તેના સેક્રેટરીદ્વારા એવો લેખ બહાર પાડી આખા હિંદુસ્થાનમાં પ્રગટ કરવામાં આવે કે જેથી એ ગ્રંથને કોઇ પણ જૈન ખરીદ કરી ઠગાય નહીં અને એવા દ્રવ્યના લોભી પરવંચક દાંભિકોને ઉત્તેજન આપે નહીં.

આવી રીતનો ખાસ પ્રબંધ થવાથી મુખ્ય બાબતો તે એ નિર્ણય ઉપર આવશે કે,–અમુક ગ્રંથ યા સૂત્ર છપાવવાની જરૂર છે કે નહીં? અમુક ગ્રંથ મૂળ માત્રજ છપાવવા યોગ્ય છે, ભાષાંતર સહિત છપાવવા યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ટીકા સહીત છપાવવા યોગ્ય છે, એકલું ભાષાંતર છપાવવા યોગ્ય છે કે મૂળ ટીકાને ભાષાન્તર ત્રણે મળીને છપાવવા યોગ્ય છે? આવી બાબતમાં તૈયાર કર્યા પછી વિદ્વન્મંડળ સંમત ન થવાથી પ્રયાસ નિષ્ફળ થાય તેમ ન થવા માટે પ્રથમથી અમુક ગ્રંથ કેવી રીતે છપાવવો ઠીક છે? એવી સલાહ પુછવામાં આવશે તો તેને યોગ્ય સલાહ પણ આપવામાં આવશે કે જેથી તેને પોતાનો માર્ગ સૂજશે.

આ પ્રબંધ અત્યાર સુધીમાં પ્રગટ થઇ ગયેલા ગ્રંથો વિગેરેને માટે પણ બીજી આવૃત્તિ કરવાને વખતે ઉપયોગી થશે. અને મંડળ પોતાનો અભિપ્રાય તેવે પ્રસંગે માગનારને જણાવશે અને નહીં માગનારને માટે ગ્રંથ છપાયેથી તપાસ કરીને બહાર પાડશે.

આમ થવાથી કેટલાક તદ્દન ચીંથરીયા પુસ્તકો અને નાની નાની નિર્માલ્ય ચોપડીઓ બહાર પાડવામાં આવે છે કે જે જ્યાં ત્યાં રખડતી અને આશાતના થતી જોવામાં આવે છે તેનો પણ અટકાવ થઇ શકશે.

આ હકીકત વિદ્વાન મુનિ મહારાજાઓએ અને શ્રાવક ભાઇઓએ ધ્યાનમાં લેવા યોગ્ય છે. તેમજ મુંબાઇમાં ભરનારી જૈન કોનફરન્સ હજુર રજુ કરીને તે દ્વારાજ પૂર્વોક્ત પ્રકારના વિદ્વન્મંડળની સ્થાપના થવાની આવશ્યકતા છે. આ બાબત બનવી અશક્ય છે એમ ધારવાને કિંચિત્ પણ કારણ નથી. માત્ર આગેવાન જૈન બંધુઓ ધ્યાનપર લેશે તો બનવી શક્ય છે અને પરમલાભકારક છે. એની વિશેષ લાભ શ્રેણી વિશેષ વિચારણા કરવાથી સ્વયમેવ લક્ષમાં આવી શકે તેમ છે જેથી અત્રવિસ્તાર કર્યો નથી.

## જૈન ડીરેકટરીની જરૂર.

જેવી રીતે ઇંગ્રેજ સરકાર તરફથી દર દશ વર્ષે વસ્તીની ગણત્રી કરવામાં આવે છે તેવી રીતે આપણા જૈન વર્ગને માટે એક ખાસ નોંધ આખા હિંદુસ્તાનના ગામે ગામ અને શેહેરે શેહેર માણસો મોકલીને તૈયાર કરાવવાની જરૂર છે. જેની અંદર દરેક શેહેરમાં જૈનોના કેટલાં ઘર, કેટલાં મનુષ્યો, તેમાં કેટલી સ્ત્રીઓ, કેટલાં છોકરાઓ અને કેટલા પુરૂષો; સ્ત્રીઓમાં કેટલી કુવારીકા, સધવા ને વિધવા; દરેકની ઉમર, પરણ્યા વખતની વય, જ્ઞાતિ, જ્ઞાતિના મુખ્ય પ્રબંધ, ભણેલ કે અભણ, ભણેલ તો કેટલું, અધિકાર વાડીથી મેળવેલ હોય તો તે, ઇત્યાદિ અનેક બાબતો સરકારી વસ્તીપત્રક માંહેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આસતો જોઇને તદનુસાર અનુકુળ ફેરફાર કરી પત્રકો ભરાવવા જોઇએ. તે સાથે દરેક ગામમાં આપણા વર્ગમાં આગેવાનો કોણ કોણ છે તેના નામો, જિનચૈત્યની, પ્રતિમાજીની સંખ્યાની તથા દેરાસર કયારે બંધાયું છે તેની નોંધ, જૈનમુનિઓના નામો, કયા સમુદાયના અને કયા ગચ્છના છે, કયારે અને કોની પાસે કેટલી વયે અને કયાં ચારિત્ર લીધું છે વિગેરે નોંધ, પુસ્તકના ભંડારો હોય તો તેના લીસ્ટની નકલ અને તે કોના તાબામાં છે, કેવી રીતે તેમાંનાં પુસ્તકો મળી શકે છે વિગેરે હકીકત; તથા જૈનશાળા, જૈન કન્યાશાળા, શ્રાવીકાશાળા, જૈન પુતસ્કાલય, લાઇબ્રેરી કે કોઇ જૈન મંડળો હોય તો તેની નોંધ, એવું મંડળ કે જૈનશાળા વિગેરે કયારે અને કોણે સ્થાપેલ છે, શી રીતે વ્યવસ્થા ચાલે છે, અભ્યાસ કરનારા તેમજ સભાસદો ( મેમ્બરો ) કેટલા છે વિગેરે જેટલી મળી શકે તેટલી હકીકત. આવી સર્વે હકીકતોથી ભરેલી ડીરેકટરી તૈયાર કરાવી છપાવીને બહાર પાડવાથી અથવા તો હાલ તરતમાં નહીં છપાવતાં અનુકુળતાએ છપાવવાનું રાખીને પણ તૈયાર કરાવવાથી અનેક પ્રકારના લાભોનો સંભવ છે.

આપણી ચોકસ કેટલી વસ્તી છે ? કેટલા જિન ચૈત્યો છે ? કેટલા ગ્નાન ભંડારો છે ? કેટલા સાધુ અને સાધ્વીઓ છે ? કેટલા વિદ્વાનો કે ડીગ્રી ધરાવનારાઓ છે ? વિગેરે અનેક હકીકતોથી આપણો તદન અજાણ્યા છૈએ તે આવી ડીરેકટરી તૈયાર થવાથી જાણીતા થઇશું. આપણા વર્ગમાં બાળલગ્ન કેટલી વય સુધી થાય છે? વિધવાઓ કેટલી છે અને કઇ વયવાળી છે? કઇ કઇ ગ્નાતિ જૈનધર્મ પાળે છે ? તેમાં રીતરિવાજ શું છે ! કેળવણીના સંબંધમાં આપણે કેટલા પછાત છૈએ ? આપણામાં કેળવાયેલો વર્ગ કેટલો છે ? આપણા તીર્થો કયાં કયાં છે અને શું સ્થિતિમાં છે ? વિગેરે અનેક બાબતો જાણવામાં આવવાથી આપણને કેટલાક રીવાજો અટકાવવાનું સુજશે, કેટલીક બાબતો શરૂ કરવી જરૂરની જણાશે, કેળવણીના સંબંધમાં યોગ્ય પગલાં ભરવા સુજશે. કઇ બાબતોમાં દ્રવ્યનો વ્યય કરવો યોગ્ય છે અને વિશેષ ફળ દાયક છે તેની શ્રીમંતોને સુજ પડશે; આપણા વર્ગની ઊન્નતિ કેવી રીતે થઇ શકશે તેનો ખરો માર્ગ સુજશે, ખોટી ભૂલ કાઢતાં પાછા હઠશુ, ખોટો ગપ મારી મહત્વ બતાવતા અટકશું અને આપણી વાસ્તવિક સંપત્તિ કેટલી છે તેની આપણને ખરી ખબર પડશે. વિગેરે અનેક લાભો થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાબત મુંબઇમાં ભરાનારી જૈન કોનફરન્સમાં ખાસ મુકવા યોગ્ય છે અને આ કામ તરતમાંજ જૈન કોનફરન્સની ઓફીસ ખોલી તેનાથી શરૂ કરાવવા યોગ્ય છે. આવી સવિસ્તર નોંધ તૈયાર થતાં ગમે તેટલી મુદત લાગે તો તે વિચારવાની જરૂર નથી પરંતુ માણસોની ગોઠવણ એવા પ્રકારની થવી જોઇએ કે ઘણું કરીને એક વર્ષની અંદર ઘણો ખરો ભાગ તૈયાર થઇ શકે.

આ સંબંધમાં હજુ પણ ઘણા લાભો અને જરૂરીયાત સૂચવવા યોગ્ય છે તે જરૂર પડયે જણાવશું.

---

# ध्यान विषय.

## धर्मध्यानांतर्गत संसार भावना.

(અનુસંધાન પૃષ્ટ ૭૧ થી.)

**અનાથી** નામના મુનિ સંસારીપણામાં એક રાજાના પુત્ર હતા. એકદા તેમના શરિરે દાહજ્વર ઉત્પન્ન થયો, ત્યારે ઘણા ઉપચાર કર્યા પણ શાંતિ થઇ નહીં. પશ્ચાત્ તેને વિચાર આવ્યો કે, અહો! આ સંસારમાં રોગનું કારણ કર્મ છે. મેં પૂર્વભવમાં જે કર્મ કર્યા છે તે હાલ ઉદયમાં આવ્યા છે, તે ભોગવ્યા શિવાય છુટકો થવાનો નથી. આ પ્રમાણે વિચારતાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી વિચાર્યું કે—'જો આજે આ રોગ સ્વયમેવ ઉપશમી જાય તો હું સવારે દીક્ષા લઉં.' દૈવયોગે તે રાત્રીમાંજ વ્યાધિ ઉપશમી ગયો એટલે માતા પિતાની અનુજ્ઞા લઇને તેણે દીક્ષા ગ્રહણ કરી. સંયમ પાળતા અનાથી મુનિ રાજગૃહિના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં શ્રેણિકરાજાએ તેમને દીઠા. દીક્ષા યૌવનવયમાં કેમ ગ્રહણ કરી તે સંબંધી શ્રેણીકરાજાએ પ્રશ્ન કર્યો. તેનો ઉત્તર અનાથિ મુનિએ એમ દીધો કે-આ સંસારમાં મારો કોઇ નાથ નહોતો તેથી મેં દીક્ષા ગ્રહણ કરી છે. ત્યારબાદ રાજા શું કરે છે તે કહે છે—

**गाथा—तओ पहासिओ राया, सेणिओ मगहाहिवो।**
**एवं ते इड्ढिमत्तस्स, कहं नाहो न विज्जइ ॥ १**

"તેવું અનાથીમુનિનું વચન સાંભળી શ્રેણીકરાજા હસ્યો. હે ભાગ્યવંત! તમો રાજાના પુત્ર હતા, સ્ત્રીઓ ઘણી હતી, ધન પણ ઘણું હતું, તો તમારો કેમ કોઇ નાથ નથી?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી શ્રેણીકરાજા કહે છે કે—

गाथा—होमि नाहो भयंताणं, भोगे भुंजाहि संजया ।
मित्तनाईहिं परिवुडो, माणुस्सं खलु दुल्लहं ॥ २

"જો તમારો કોઇ નાથ ના હોય તો હું તમારો સ્વામી થાઉં છું, હે સાધુ! ભોગોને ભોગવો. મિત્ર જ્ઞાતિવર્ગે પરિવર્યા સતા ભોગો ભોગવો. નિશ્ચયે કરીને જાણવું કે હે સાધુ! મનુષ્યપણું દુર્લભ છે"

શ્રેણીકરાજાનાં આવાં વચનો સાંભળી અનાથી મુનિ કહે છે—

गाथा—अप्पणाहि अणाहोसि, सेणिया मगहाहिवा ।
अप्पणा अणाहोसन्तो, कहं नाहो भविस्ससि ॥ ३

"હે શ્રેણીકરાજા! તું પોતે પોતાનો નાથ નથી તો અનાથ એવો તું બીજાનો શી રીતે નાથ થઇ શકશે." આવું અનાથીમુનિનું વચન સાંભળી રાજા ચકિત થઇ ગયો અને અનાથીમુનિ પ્રત્યે કહેવા લાગ્યો.

गाथा—अस्सा हत्थी मणुस्सामे, पुरं अंतेउरं च मे ।
भुंजामि माणुसे भोए, आणा इस्सरियं च मे ॥ ४
एरिसे संपयग्गामि, सव्वकामसमप्पिए ।
कहं अणाहो हवइ, मा हु भंते मुसंवए ॥ ५

"હે સાધુજી! મારે હાથી ઘોડા છે, સુભટો પણ ઘણા છે, તથા મારે નગર પણ છે, તથા રાણીનો સમુહ પણ મારે છે, મનુષ્ય સંબંધી ભોગો હું ભોગવું છું. મારી આજ્ઞા પણ અખંડપણે વર્તે છે. એ પ્રમાણે સંપદાનો સમુહ છતે કેમ શીરીતે હું અનાથ છું? શુભકર્મવડે કરી યુક્ત અનાથ કેવી રીતે હું છું? હે પૂજ્ય! તમો આવી સંપદા છતાં તું અનાથ છે એમ જૂઠું માં બોલો."

શ્રેણીકરાજાનું આવું બોલવું સાંભળી અનાથીમુનિએ પોતાનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું, અને પોતાનું અનાથપણું સિદ્ધ કરી બતાવવા પૂર્વક કહ્યું કે-દશવિધ યતિધર્મ સ્વીકાર્યા બાદ હું પોતાનો અને પરનો નાથ (સ્વામી) હિતચિંતકપણાવડે કરી થયો. પ્રસંગોપાત આ વાત કહેવામાં આવી છે. વિશેષ અધિકાર ઉત્તરાધ્યયન સૂત્રના વીશમા અધ્યયનથી જાણી લેવો. અનાથીમુનિના ઉપદેશથી શ્રેણીકરાજા બોધ પામ્યા. એમ જે જીવો આ સંસારનો ત્યાગ કરે છે તે સુખી થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ સંસારમાં દરેક જીવની સાથે આ જીવે અનંતાં સગપણ કર્યાં છે. તે ઉપર કુબેરદત્તનું ચરિત્ર કહે છે.

મથુરાનગરીને વિષે કુબેરસેના ગણીકા રહેતી હતી. તે એક દીવસ પોતાને ગર્ભ ઉત્પન્ન થવાથી અતિ ખેદ પામી. તેને ખેદવાળી જોઇ તેની માતા કુટ્ટિનીએ પીડા દૂર કરવા સારૂ વૈદ્ય બોલાવ્યો. તે વૈદ્યે નાડી જોઇ રોગ રહીત તેનું શરીર જાણીને કહ્યું કે—આના શરીરમાં કોઇ પણ પ્રકારનો રોગ નથી. ફક્ત પેટને વિષે પુત્ર પુત્રીરૂપ જોડલું ઉત્પન્ન થયું છે માટે એને ખેદ થાય છે. વૈદ્ય ગયા બાદ કુટ્ટિની પોતાની પુત્રીને કહેવા લાગી કે—તારા પેટમાં રહેલો ગર્ભ તારા પ્રાણનો નાશ કરશે, માટે એ ગર્ભ પાડવા યોગ્ય છે. ત્યારે વેશ્યા કહેવા લાગી કે—કલેશ સહન કરીશ પણ મારા ગર્ભને કુશળ રહો. એમ કહીને વેશ્યાએ ગર્ભની વેદના સહન કરી. ઉચિત મહીને પુત્ર પુત્રીરૂપ જોડલું પ્રસવ્યું. તે અવસરે પણ કુટ્ટિની કહેવા લાગી કે—હે પુત્રી! આ જોડલું તારી યુવાવસ્થાનો નાશ કરશે. માટે વિષ્ટાની પેઠે આ જોડલાનો ત્યાગ કરીને આજીવીકાનાં કારણભૂત જુવાનીપણું કાયમ રાખ. ત્યારે વેશ્યા કહેવા લાગી કે, હે માતા! એમ છે તો દસ દીવસ સુધી વિલંબ કરો પછી તમારૂ કહેલું કરીશ. ત્યારબાદ તે જોડલાને દસ દીવસ સુધી ધવરાવા સમ્યક્ રીતે પ્રતિપાલન કરી અગીયારમે દીવસે પુત્રનું નામ **કુબેરદત્ત** અને પુત્રીનું નામ **કુબેરદત્તા** એ પ્રકારે બે જણાનાં નામ પાડી, તેમના નામવાળી બે વીંટીઓ કરાવી તે બે જણની આંગળીઓમાં ઘાલીને એક લાકડાની પેટીમાં બે જણાને મુકી સંધ્યા સમયે યમુનાના પ્રવાહમાં તે પેટી વહેતી મુકી.

પેટી જળમાં વહેતી શૌર્યપુર નગરે આવી. ત્યાં સ્નાન કરવા આવેલા બે શેઠના પુત્રોએ તે પેટીને આવતી દેખી. તે પેટી ખોલતાં તેની મધ્યે બાળક અને બાળીકાને જોઇને પુત્રનો અર્થી હતો તેણે પુત્ર લીધો અને પુત્રીનો અર્થિ હતો તેણે બાળીકા લીધી. એમ તે જોડલું લેઇને તેઓએ પોતપોતાની સ્ત્રીને આપ્યું. પછી મુદ્રિકામાં લખેલા અક્ષર અનુસારે તે બેનાં નામ પાડયાં. ત્યારબાદ કુબેરદત્ત અને કુબેરદત્તા મોટાં થવા લાગ્યાં. અનુક્રમે યુવાવસ્થા પામ્યાં. ત્યારે તે બે બાળકોનું સરખું રૂપ જાણીને એ બે શાહુકારોએ માંહોમાંહે પાણીગ્રહણ ઉત્સવ કર્યો. પાણીગ્રહણ કર્યા બાદ તે સ્ત્રી ભર્તાર એક દીવસ સોગઠાબાજીની ક્રીડા કરવા બેઠા હતા તે અવસરે કુબેરદત્તના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથમાંથી વીંટી નીકળીને કુબેરદત્તાની આગળ પડી. તેણીએ તે મુદ્રિકા પોતાની મુદ્રિકાની સદ્રશ અને એક દેશમાં ઘડેલી અને સરખા નામવાળી દેખીને મનને વિષે કુબેરદત્ત પોતાનો ભાઇ છે એમ નક્કી કર્યું. પછી તેણે એ વીંટીઓ કુબેરદત્તના હાથમાં ઘાલી. ત્યારે કુબેરદત્ત પણ તે વીંટી જોવાથી તેમજ તેને પોતાની બેન છે એમ નિશ્ચય કરીને અત્યંત ખેદ પામ્યો. ત્યારબાદ તે બંને જણાએ પોતાના વિવાહકાર્યને અકાર્ય (ખોટું) થયું માની પોતાનો સંદેહ નિવારવાને માટે પોતપોતાની માતાને સમ ખવરાવી આગ્રહ કરી પોતપોતાનું સ્વરૂપ પુછ્યું. ત્યારે તેમની માતાઓએ તે બે જણાને પેટીમાંથી કહાડયાં ત્યાંથી આરંભી સર્વ વૃત્તાંત કહ્યું. ત્યારપછી કુબેરદત્ત માત પિતાને કહેવા લાગ્યો કે તમે અમને જોડે જન્મેલાં જાણીને પણ આવું અકાર્ય કેમ કર્યું? ત્યારે તે કહેવા લાગ્યાં કે તેના સરખી કન્યા અને તારા જેવો વર અમને બીજો મળ્યો નહીં, તેથી સરખા રૂપવાળાં જાણીને માંહેમાંહે વિવાહ કર્યો. પરંતુ હજી પણ કંઇ બગડયું નથી કારણ કે તમારા બેનું ફકત કર-પીડનજ થયું છે. (ફકત હાથનો મેળાપ થયો છે) પણ મૈથુનકર્મ થયું નથી. માટે તું ખેદ કરીશ નહીં. તને બીજી કન્યા પરણાવીશું. ત્યારે કુબેરદત્તે કહ્યું કે—તમારૂં વચન મારે પ્રમાણ છે. પરંતુ હાલ તો હું વ્યાપાર કરવા માટે પરદેશ જવા ઇચ્છુંછું. માટે મને આજ્ઞા આપો. ત્યાર પછી શેઠ શેઠાણીએ તેને આજ્ઞા આપી. કુબેરદત્ત તે વૃત્તાંત પોતાની બેનને કહીને ઘણાં કિયા-ણાં લઈ દૈવયોગે પોતાની ઉત્પત્તિનું સ્થાન એવી મથુરાનગરીમાં આવ્યો. ત્યાં નિરંતર વ્યાપાર કરે છે. એક દીવસ અશુભ કર્મયોગે અદ્‌ભૂત રૂપે કરી શોભાયમાન એવી પોતાની માતા કુબેરસેના વેસ્યાનેદેખી કામે કરી પીડાયો છતો તે વેસ્યા સાથે ભોગ ભોગવવા લાગ્યો. તેના યોગે તે વેસ્યાને એક પુત્ર થયો.

હવે શૌર્યપુરને વિષે કુબેરદત્તાએ પોતાની માતાના મુખથકી પોતાની હકીકત સાંભળીને તત્કાળ વૈરાગ્ય પામી સાધ્વીનો સંયોગ થતે દીક્ષા ગ્રહણ કરી. ઉગ્ર તપ તપી વિશુદ્ધ અધ્યવસાય યોગે તે અવધિજ્ઞાન પામી. ત્યાર-બાદ તે સાધ્વીએ અવધિજ્ઞાનના બળે કરી પોતાના ભાઇનું સ્વરૂપ દેખ્યું એટલે પોતાના ભાઇને તે અકાર્યરૂપ મોટા પાપપંક થકી કાઢવાને માટે મથુરાનગરીમાં જ્યાં પોતાનો ભાઇ રહે છે ત્યાં આવી. કુબેરસેના વેસ્યાને ઘેર જઇ ધર્મલાભરૂપ આશિષ દઇને તેની પાસે પોતાને ઉતરવાને સ્થાનક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગ્યું. કુબેરસેના તે આર્યાને નમસ્કાર કરી કહેવા લાગી કે હે મહાસતી! હું વેશ્યા છું પણ હાલ એક ભર્ત્તારના યોગે કુળસ્ત્રી થઇ છું, માટે તમે સુખેથી મારા ઘરની સમીપે આશ્રય ગ્રહણ કરી રહો. કુબેરદત્તા પણ પોતાના પરિવાર સહીત તેણીએ આપેલા ઉપાશ્રયમાં રહી.

હવે તે વેશ્યા નિરંતર ત્યાં આવીને બાળકને લાટનો મુકતી હતી. એકદા અવસર જાણી સાધ્વી આગામીકાળમાં લાભ જાણીને તે બાળકને આ પ્રકારે બોલાવવા લાગ્યા—હે બાળક! તું મારો ભાઇ છે. (૧) તું મારો પુત્ર છે. (૨) તું મારો દીયર છે. (૩) તું મારો ભત્રીજો છે. (૪) તું મારો કાકો છે. (૫) તું મારા પુત્રનો પણ પુત્ર છે. (૬) તથા જે તારો પિતા છે તે મારો ભાઇ છે (૧) મારો પિતા છે (૨) મારા પિતાનો પિતા એટલે મારો વડાઉઓ છે (૩) મારો ભર્તાર છે (૪) મારો પુત્ર છે (૫) અને મારો સસરો પણ છે. (૬) તથા જે તારી માતા છે તે મારી માતા છે (૧) મારા પિતાની માતા છે (૨) મારા ભાઇની સ્ત્રી છે (૩) મારી વહુ છે (૪) મારી સાસુ છે. (૫) અને મારી શોકય પણ છે. (૬)

એ રીતે કહીને તે બાળકને સાધ્વી વારવાર બોલાવવા લાગ્યા. એટલે કુબેરદત્ત તેમનાં વચન સાંભળીને આશ્ચર્ય પામી કહેવા લાગ્યો કે—હે આર્યે! તમે વારંવાર આવું અયુકત કેમ બોલો છો? ત્યારે સાધ્વીએ કહ્યું કે હુ અયુકત બોલતી નથી.

કારણ કે આ બાળક ને હું એક માતા થકી ઉત્પન્ન થયા છેએ તેથી એ મારો ભાઇ છે. (૧) મારા ભર્ત્તારનો પુત્ર છે તેથી મારો પણ પુત્ર થાય છે (૨) મારા ભર્તારનો નાનો ભાઇ છે માટે મારો દીયર છે (૩) મારા ભાઇનો પુત્ર છે માટે મારો ભત્રીજો છે (૪) મારી માતાના પતિનો ભાઇ છે માટે મારો કાકો લાગે છે (૫) અને મારી શોકયના પુત્રનો પુત્ર છે માટે મારો પોત્રો લાગે છે (૬) એ પ્રકારે આ બાળકની સાથે પોતાના છ સંબંધ દેખાડીને વળી સાધ્વી કહેવા લાગ્યા કે—જે આ બાળકનો પિતા છે તેની ને મારી એક માતા હોવા થકી તે મારો ભાઇ છે. (૧) અને તે મારી માતાનો ભર્તાર થયો છે તેથી મારે પિતા થાય છે (૨) અને આ બાળક જે મારો કાકો તેનો પિતા થયો તેથી મારો વડાઉઓ થયો છે (૩) અને પ્રથમ તે મને પરણ્યો છે માટે મારો ભર્તાર થાય છે (૪) વળી મારી શોકયનો પુત્ર થાય છે માટે મારો પણ પુત્ર છે (૫) અને મારા દિયરનો પિતા થાય માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારો સસરો છે (૬) એ પ્રકારે આ બાળકના પિતા કુબેરદત્તની સાથેના પોતાના છ સંબંધ કહીને વળી કહેવા લાગ્યા કે—

જે આ બાળકની માતા છે તે મને પણ જણનારી છે માટે મારી માતા છે (૧) અને મારા કાકાની માતા છે તેથી મારે દાદી લાગે છે (૨) મારા ભાઇની સ્ત્રી થઇ તેથી મારે ભોજાઇ થાય છે (૩) અને મારી શોકયના પુત્રની સ્ત્રી થઇ માટે મારી વહુ થઇ (૪) અને મારા ભર્તારની માતા થાય તેથી મારી સાસુ થઇ (૫) અને મારા ભર્તારની બીજી સ્ત્રી થઈ માટે મારી શોક થઇ. (૬)

એ રીતે બાળકની માતા કુબેરસેના વેશ્યાની સાથે પોતાના છ સંબંધ દેખાડયા. આ પ્રમાણે અઢાર સંબંધ કહીને તે સાધ્વીએ પોતાનું પૂર્વ વૃત્તાંત કહી તે સંબંધોની ખાત્રી કરી આપી. ત્યારપછી કુબેરદત્ત પણ સર્વ સંબંધનું વિરૂદ્ધપણું જાણીને તત્કાળ વૈરાગ્ય પામી પોતાની નિંદા કરવા લાગ્યો અને પાપની વિશુદ્ધિ માટે તેણે ચારિત્ર ગ્રહણ કર્યું. અને તપ તપવા લાગ્યો. કુબેરસેના વેશ્યાએ પણ તે વૃત્તાંત સાંભળી પ્રતિબોધ પામી શ્રાવકનો ધર્મ અંગીકાર કર્યો.

પછી કુબેરદત્તા સાધ્વી આ પ્રમાણે તેમનો ઉદ્ધાર કરીને પોતાની પ્રવર્તિની (ગુરૂણી) પાસે ગઇ. અનુક્રમે એ સર્વ જીવો સમ્યક્ પ્રકારે ધર્મ આરાધન કરીને સદ્દગતિને ભજનારાં થયાં.

આ એક ભવ આશ્રી સંબંધ દેખાડયા પણ આ ચેતને દરેક જીવની સાથે અનંતા સગપણ કર્યાં છે અને હજી કોણ જાણે કેટલાં સગપણ કરવાં પડશે. એ રીતે સંસાર સ્વરૂપ વિચારી ભવ્યજીવોએ સંસારનો ત્યાગ કરી સયમ અંગીકાર કરવું એ હિતકારક છે. આ સંસાર બળતા અગ્નિ સમાન છે, સંસારરૂપ સમુદ્રમાં ધર્મ એક બેટ (દ્વીપ) સમાન છે. સંસારરૂપ સમુદ્ર તરવાને માટે સદ્દગુરૂ નાવીક જાણવા અને ધર્મકાર્યમાં પ્રવર્त्तતા શરીરને નાવ જાણવું. આ રીતે સંસારભાવના ભાવી અનેક જીવો મુકિતપદને પામ્યા છે, હાલ મહાવિદેહમાં પામે છે. અને આગામીકાળે પામશે.

## इति संसार भावना.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जीर्ण ग्रंथोद्धार.

આ વિષય બહુ અગત્યનો છે. પાટણ જેસલમેર, વિગેરે ઠેકાણે બહુ જીર્ણ ગ્રંથો ભંડારોમાં છે. કેટલાંક સૂત્રો તથા ગ્રંથો તાડપત્ર ઉપર લખેલા જોવામાં આવે છે. હવે જુના થએલા ગ્રંથોની પ્રતિનો નકલ તરીકે ઉદ્ધાર કરવામાં નહીં આવે તો થોડા કાળમાં તે અમૂલ્ય ચિંતામણિ રત્ન સમાન ગ્રંથોનો વિનાશ થશે એમ સંભવ છે કેટલાક પ્રાચીન ગ્રંથોને હાથમાં લઇ તેનાં પાનાં ફેરવતા કકડે કકડા થઇ જાય છે. કેટલાંક પુસ્તકો ઘણો કાળ ભંડારગાંને ભંડારમાં રહેવાથી ઉધેહી લાગી નાશ થવા પામે છે. જૈન દર્શનની શ્રેષ્ટતા, સત્યતા, જ્ઞાનના આધારેજ રહી છે આપણા પૂર્વાચાર્યોએ ઘણી મહેનતે ગ્રંથો બનાવ્યા છે તથા લખાવ્યા છે, તે ગ્રંથોનો નાશ થવા દેવો તે ઠીક કહેવાય નહીં. એક ગ્રંથ રચવામાં કેટલી મહેનત પડે છે તે વિદ્વાન્ વર્ગ જાણે છે. તેમ છતાં સકળ સંઘના આગેવાન પંડિત મુનિ વર્ગ તથા સદ્ગ્રહસ્થો હજી પ્રમાદ તજી યથાયોગ્ય પ્રયત્ન કરતા નથી તે ખેદકારક છે. હાલમાં નવાં દેરા બાંધવાં તેના કરતાં પણ **जीर्ण ग्रंथोद्धारमां** જો ધન ખર્ચવામાં આવે તો ઘણો ફાયદો સમજાય છે. ઘણે ઠેકાણે ગાડરીયા પ્રવાહની પેઠે ઉજમણાં કરવામાં આવે છે. તેમાં ધામધુમ જોઇએ તો ચંદ્રવા તથા પુંઠીયાંની અને પુસ્તક તો થોડા રૂપૈયાનાં કે આનાના હોય છે. પણ ખરી રીતે તો જુના ભંડારોમાંથી લહીયાઓ રાખી જુના પુસ્તકોની જેટલી શકિત હોય તે પ્રમાણે નકલો લખાવી તેનું ઉજમણું કરવું તે ઠીક લાગે છે. જો તેવી રીતે જુના પુસ્તકોનો ઉદ્ધાર કરવાની હાલમાં પ્રવૃત્તિ ચાલે તો તેથી ઘણો ફાયદો થશે. પાંચ કે દશ રૂપૈયાનાં ચંદ્રવા કે પુંઠીયાં જોઇએ. તેને ઠેકાણે પાંચસે પાંચસે રૂપૈયાના ચંદ્રવા, પુંઠીયાં કરાવવા અને જ્ઞાનને ઠેકાણે પંચ દશ રૂપૈયાના કે પાંચ દશ આનાના પુસ્તક ઉજમણામાં મુકવાં તેમાં ખરૂં જુઓ તો ચંદ્રવા, પુંઠીયાનું ઉજમણું કહેવાય, જ્ઞાનનું ન કહેવાય, પણ પાંચસે રૂપૈયાના નવા ગ્રંથો લખાવી ઉજમણામાં મુકે તો તે જ્ઞાનનું ઉજમણું કહેવાય અને તેથી યથાયોગ્ય લાભ થઇ શકે.

પહેલાના વખતમાં મુનિરાજ વર્ગ પોતે જુનાં પુસ્તકો ઉપરથી નવાં પુસ્તકો હાથે લખતા હતા. અને જ્ઞાનની વૃદ્ધિ કરતા હતા. તેથી અશુદ્ધ લખવાનું પ્રાયઃ બનતું નહોતું. પણ હાલ તેમ થતું નથી; હાલ તો લહો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઓ પાસેજ લખાવવામાં આવે છે. માટે દેખરેખ રાખી શુદ્ધ ગ્રંથો લખાય તેમ થવું જોઇએ. તેમાં રૂશનાઇ (શાહી) પણ સારી વાપરવી જોઇએ. કે ચોમાસામાં પાનાં પરસ્પર ચોંટી જવાનો ભય રહે નહિં. તીર્થોદ્ધાર કરતાં જીર્ણ ગ્રંથોદ્ધારનું કામ ઘણું અગત્યનું નથી એમ કહી શકાય નહીં. કારણ કે જે જે અલૌકિક ગ્રંથો કે જેની બીજી પ્રતિઓ નથી તેવા ગ્રંથો નાશ પામ્યા તો કરોડો ઉપાયે તે ગ્રંથો મળવાના નથી પણ પ્રતિમાઓ તો નવી પણ ભરાવી શકાય તો તેમાં ના કહી શકાય નહીં. જેવું તીર્થોદ્ધારનું કામ અગત્યનું છે તેવુંજ **जीर्णग्रंथोद्धार**નું કામ પણ ઘણુંજ અગત્યનું છે. જે કાળે જેની હાનિ થતી હોય અને તે કામ ઘણું અગત્યનું હોય તો તેના ઉપર વિવેકી પુરૂષો વિશેષ લક્ષ રાખે છે. હાલ જીર્ણ તીર્થોદ્ધારને માટે જેમ લાખ રૂપૈયા ઉપરાંતની ટીપ થઇ. તેમ **जीर्णग्रंथोद्धार**ને માટે ટીપ થવી જોઇએ છીએ. શ્રી ફળોધી તીર્થમા જૈન કનફરન્સ ભરાયું હતું, તેમાં આ વાત ચર્ચાઇ હતી. પણ વાતો કરી સર્વ સદ્ગૃહસ્થો પોત પોતાને ઘેર ગયા છે. હવે તેઓ શું કરે છે. તે જાણવાને આતુર છીએ-જૈન ધર્મની પ્રાચીનતા જણાવનાર ખરેખર જૈન પુસ્તક ભંડારોજ છે. તેની ખુવારી નહીં થવા દેવી તે જૈનધર્મીઓને છાજે છે.

અપૂર્ણ.

---

# वैराग्य.

(અનુસંધાન પુ. ૧૬ માના પૃષ્ટ ૪૧ થી)

**" આવો રૂડો માનવ દેહ, ફરી ફરી ક્યાં મળશેરે? ;**
**આવો રૂડો માનવદેહ, ફરી ફરી નહિં મળશેરે ! "**

હે ! જીવ, વિવેક વિકલતાથી મોહમૂઢ થઇ તું આવો દુર્લભ મનુષ્ય દેહ વૃથા કાં ગુમાવેછે ? અરે ! એ તને ફરી ફરી પ્રાપ્ત નહિં થાય ? માટે એને સફળ કરીલે. તું જાણેછે, માતા, પિતા, ભ્રાતા, સુત, દારા, સ્વજનાદિ મારાંછે. અને એ મમત્વરાગે એઓને પશુવત્ આત્મ અપેક્ષાવિના પાળેછે; એ અર્થે માયા-કપટાદિ સેવેછે. પણ તારાં એ પશુવત આચરણથી થતાં કર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિપાકના અને તારાં સેવેલાં માયા–કપટાદિ પાપનાં ફળના એ ભાગીદાર થશે એવી મિથ્યા ભ્રમણામાં ભુલાવો ખાતો નહિં.

માટે હે! ચેતન! તું તારો ખરો સાથી ધર્મ, તેને આરાધ. એ ધર્મની આરાધના તે તારૂં સ્વરૂપ ભુલાવનાર કર્મની વિરાધનાછે.

હે! જીવ! આ સંસાર સદા અનવસ્થિતછે. શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને પૂછયું છેઃ—

"હે! ભગવાન્! આ જીવ સર્વ જીવોના માતા પિતા, ભાઇ,બહેન, સ્ત્રી, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, શત્રુ, મિત્ર, ઘાતક, તાડક, પ્રત્યનીક,[1] દાસીપુત્ર, ભૃત્ય, ભૃતક,[2] પ્રેષ્ય,[3] આદિપણે કરીને પૂર્વે ઉત્પન્ન થયોછે?" ત્યારે ભગવાન્ પ્રત્યુત્તર દેતા હતા,

"હે! ગૌતમ! હા, અનંતીવાર આજીવ સર્વ જીવોની માતાપણે ઉપજ્યો, પિતા થયો, ભાઇ થયો, આદિ સર્વ પ્રકારના સાંસારિક સંબંધ કરી ચૂક્યોછે. એજ પ્રમાણે સર્વ જીવો પણ આ જીવના માતાદિક પણે અનેકવાર યાવત્ અનંતીવાર પૂર્વે ઉત્પન્ન થયાછે." આવી સંસારાનવસ્થા વિચારી, કાળની સૂક્ષ્મતા તથા અનંતતા જોઈ, કર્મની વિચિત્રતા ધ્યાનમાં લઇ, મોહ મૂઢતા અને તેથી થએલ સંસારી સંબંધ માત્રની કાલ્પનિક ભ્રમણા–આથી વિરક્ત થઇ, તારાં સ્વરૂપમાં આનંદ લે!

હે! જીવ! વ્યવહાર રાશિને પામેલા જીવોને અનંતો કાલ થઇ ગયોછે, માટે તે જીવોને સર્વ જાતિ આદિમાં અનંતિવાર ઉપજવું પડયું હશે, એમ સંભાવપૂર્વક[4] કહુંછું. આમ અનેક જાતિમાં, એકેંદ્રિયમાં, વિકલેંદ્રિયમાં, મનુષ્યાદિમાં, ઉચ્ચગોત્ર નીચગોત્રમાં જન્મ–મરણ કરતાં છતાં, તું તો જેવોછે તેવોજ છે. અર્થાત્ નિશ્ચય મતે તું તો અચ્છેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ છે. તેને તું વિસરી જઇ દેહાદિ પરભાવમાં આસક્ત થઇ પંચ પ્રકારના વિષય સુખ ભોગવવાની તૃષ્ણા રાખેછે? તેં અનંત વિધ ભોગો અનંતવાર નથી ભોગવ્યા? પણ એ બધું જાણે કેમ વિસરી ગયો હોય તેમ વમેલું ખાવાની ઇચ્છા તું કેમ કરેછે? એ વિષય ભોગવવાથી તૃપ્ત થવાતું નથી; એતો બળતા અગ્નિમાં ઘી હોમવાથી જ્વાલાની અભિવૃદ્ધિ થાય તેમ વિષય

---

૧ પ્રતિકૂળ પડે એવો. ૨ દુકાળમાં અન્ન સાટે નોકરી કરનાર. ૩ ખેપીયો. ૪ વિચાર પૂર્વક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવવાથી વિષયપુષ્ટ થાયછે, તૃપ્ત થતા નથી; માટે હે ! જીવ, તું એવી સુધી ભાવના ભાવ કે હું સર્વ સ્થાનકે સર્વ પ્રકારના ભોગ અનંતીવાર ભોગવી આવ્યોછું; કોઇ સ્થાનક અસ્પૃષ્ટ રહ્યું નથી. આમ વિચારી વિષયાદિથી વિરામ પામી, તું તહારાં આત્મ સ્વરૂપમાં તેના અવિનાશી સુખ સ્વભાવમાં નિમગ્ન થા !

હે ! આત્મન્ ! સંસારમાં અનાદિ કાળથી ભ્રમણ કરતાં તુ મનુષ્યાદિક સર્વ સમૃદ્ધિઓ પામ્યોછું; સર્વ સાથે માતા, પિતા, ભાઇ, ભાર્યાદિના સંબંધ બાંધ્યાછે; માટે તેમાં ફરી ફરી મોહ કરવો ઘટતો નથી. કારણ કે જ્ઞાનિઓએ સ્ત્રીઓને બહુભાગે પરાભવનું સ્થાનક કહ્યુંછે; બંધુઓને બંધન રૂપ ગણ્યાછે; વિષયોને વિષમય ગણ્યાછે, આમ જ્ઞાનિઓની દૃષ્ટિમાં જે જીવના ઘાતક શત્રુછે, એઓનેજ હે ! અજ્ઞાન ! તું તારાં ગણી તે પ્રતિ મોહભાવ રાખેછે ? માટે એ મોહ ક્ષીણ કરી, ઋદ્ધિ, સ્વજન આદિ ક્ષણિક કલ્પિત સુખ ગણી, તારા સ્વરૂપમાંજ નિવર્ત્ત !

હે ! જીવ ! જે વખત તહારો જન્મ થયો, તે વખત તેં એકલેજ ઘણુંજ કષ્ટ સહન કર્યું, પણ તે વખત તારૂં દુઃખ મટાડવાને તને કોઇએ સહાય્ય કર્યું નહિ; અને જે વખતે તું મરણ પામીશ ત્યારે તે વેદના પણ તારે એકલાનેજ સહન કરવી પડશે. અને પછી નરકાદિક ભવાંતરમાં પણ તારે એકલાનેજ દુઃખ ભોગવવાં પડશે. પણ જેને અર્થે તું અનેક, પ્રકારનાં પાપ બંધ કરે છે, એવા દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઇં તારી વેદનાનો ભાગ લેશે નહિ. આમ ભવોભવ હે ! વિવેક રહિત મુગ્ધ જીવ ! તું કર્મથી ઠગાયલો રહીશ. માટે ચેત ! ચેત ! અને દરેક જીવ પોતે પોતાનાં કર્મનો કર્ત્તા–ભોક્તા છે એવો નિશ્ચય કરી, તારા પરમ હિતમાંજ રાચ !

હે ! જીવ ! ફલાણાએ મારૂં સુધાર્યું એમ ગણી તે પ્રતિ રાગ, અને ફલાણાએ મારૂં બગાડ્યું એ પ્રતિ તુ દ્વેષ કરે છે એ તારી કેટલી બધી વિવેક શૂન્યતા છે ! તારૂ તારા પોતાવિના બીજું કોઇ બગાડનાર કે સુધારનાર નથી. અર્થાત્ સુખ પણ તું કરે છે; દુઃખ પણ તું કરે છે. માટે દુઃખ આવે સતે, દીનમુખ કરી બીજાને દોષ દઇ નકામા કર્મ કેમ બાંધે છે ? –કહ્યું નથી ? કે " આપણો આત્માજ દુઃખની ભરેલી વૈતરણીનો કરનાર છે; આપણો આત્માજ કૂટ શાલ્મલિ વૃક્ષનાં દુઃખનો ઉપજાવનાર છે; આપણો આત્માજ વંછિત વસ્તુરૂપી દૂધની દેવા વાળી કામધેનુનાં સુખનો ઉ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પજાવનાર છે; આપણો આત્માજ નંદનવનની પેઠે આનંદકારી છે; આપણો આત્માજ કર્મનો કરનાર છે; આપણો આત્માજ કર્મનો ટાળનાર છે; આપણો આત્માજ મિત્ર છે; આપણો આત્માજ વૈરી છે; આપણો આત્માજ કનિષ્ઠ આચારે સ્થિત છે; અને આપણો આત્માજ નિર્મળ આચારે સ્થિત છે." માટે ચેતન! કોઇ ઉપર સુખ-દુઃખ આવે રાગદ્વેષ કરવો નહિં.

હે જીવ! તું મોહવશ થઇ રાત્રિ દિવસ પારકી ચિંતા ચિંતવ્યા કરે છે કે આમારાં બાળક, સ્ત્રી વગેરે ભુખ્યાં છે, તરસ્યાં છે, આદિ એઓને દુઃખ છે, પણ તું તારી પોતાની ચિંતા કેમ નથી કરતો ?-કે આજે મેં કેટલું આત્મ સાધન કર્યું ? અર્થાત્ આભવ પરભવ સુધરે એવું મેં અત્રઘડી લગણ શું કર્યું ? આવો થોડો પણ તારા પરમાર્થ જનક સ્વાર્થનો વિચાર તું કરતો નથી ? તું કેવળ પારકુંજ વૈતરૂં કૂટયાં કરેછે ? તું કેવળ મૂર્ખ છે ? તને શું વધારે કહિયે !-એમને એમ આયુષ્ય પુરૂં થયે ચાલ્યો જઇશ-અને ચોરાશીના ફેરામાં ફર્યા કરીશ. ચેત ! ચેત ! મૂઢ ચેત !

હે ! જીવ! તું અચ્છેદ્ય, અભેદ્ય અજર, અમર, ધ્રુવ, અનંત જ્ઞાનમય, અનંતદર્શનમય, અનંતચારિત્રમય, અનંતવીર્યમય, જ્યોતિઃસ્વરૂપ, પવિત્ર, અલિંગ અવ્યક્ત, નિર્લેપ, નિરંજન, સચ્ચિદાનંદ સ્વરૂપ, એવો નિશ્ચય નયે છે. પરંતુ અનાદિકાળથી કર્મના પરવશપણાને લીધે. અનિત્ય, અશાશ્વત એવું અને ત્વચા, માંસ, હાડકાં, રૂધિર, મેદ, મજ્જા, મળ, મૂત્રાદિ દુર્ગંધી અને બીહામણી વસ્તુઓથી ભરેલ મલિન જે આ શરીર તેમાં બંધાએલો છું. તેના વિષે મમત્વ ભાવ રાખી બેઠો છું, અને આ શરીર તે હુંજ એવો બહિરાત્મ ભાવ રાખી શામાટે મિથ્યા હેરાન થતો ભવ ભવ ભટકે છે ?—તારી મૂર્છા ઉતાર અને દેહને જીવથી ભિન્ન અને અનિત્ય અશુચિમય ગણી તેતો ફક્ત તારી કેદ છે એમ માની અંતરાત્મત્વ ભાવ અને એ ભાવી પરમાત્મત્વ પ્રાપ્ત કર!

હે ! જીવ ! જેના ઉપર તને ઘણો મોહ છે, ને મ્હારાં મ્હારાં કરે છે, તે તહારાં માતા, પિતા, સ્ત્રિયાદિ કઇ ગતિમાંથી આવ્યા છે અને કઇ ગતિમાં જશે, તું પણ ક્યાંથી આવ્યો અને ક્યાં જઇશ ?—એ સંબધી તને કંઇપણ ખબર નથી. એતો એક પંખીનો મેળો છે. અર્થાત્ સંધ્યા સમયે એક વૃક્ષઉપર અનેક પક્ષિઓ ભેગાથઇ પ્રાતઃકાળે પોત પોતાનાં કર્મ પ્રમાણે વીખરાઇ જાય છે તેમ તું અને તું મારાં માની બેઠો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એવા બીજા જીવ સર્વે પોતપોતાના કર્માનુસાર રસ્તો લેશે. તો તેઓ પર મિથ્યા મમત શો ?-તારાં તો ખરાં સમ્યગ જ્ઞાન, દર્શન ચારિત્ર છે; તેને સંભારતો ખરો ! હે ! ભવ્યજીવ ! દેવાદિક ભવની અપેક્ષાએ આ મનુષ્ય ભવ ક્ષણભંગુર છે, અર્થાત્ બહુ રહે એવો નથી. તેમાં વળી આ શરીર દીન પ્રતિદીન ક્ષીણ થતું જાય છે. અર્થાત્ એ ચારે તરફથી બળવા માંડેલાં ઘર જેવું છે-તેવાં ક્ષણિક ક્ષણે ક્ષણે જર્જરતા શરીરવડે તું જે આત્મ સાધન કરી લઇશ, એટલી દુષ્પ્રાપ્ય પ્રાપ્ત થએલ મનુષ્ય દેહની સાર્થકતા છે-બાકી પશુના દેહવત્ પ્રાપ્ત થએલ દેહ નિરર્થક ગણજે. કારણ કે આહારાદિ સંજ્ઞાતો પશુઓને પણ છે; તે પ્રમાણે આચરી આત્મ સાધન નહિં કરે તો પશુના ભવમાં અને તારા ભવમાં ઓછોજ ફેર છે. માટે જર્જરિત એવાં આ શરીર વડે જે કંઇ થાય તે આત્મહિત કરી લે ! સંપૂર્ણ.

---

# વર્તમાન સમાચાર.

## " બોટાદમાં દીક્ષા મહોચ્છવ. "

અશાડ શુદ ૭ બુધવારે શ્રી ખંભાતવાસી બાઇ ચંદને શ્રી બોટાદમાં મુનિરાજ શ્રી ઉમેદવિજયજી પાસે દીક્ષા ગ્રહણ કરી છે. નામ સાધ્વી દર્શનશ્રી રાખવામાં આવ્યું છે. સંઘ તરફથી વરઘોડો, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય વિગેરેમાં સારો વ્યય કરવામાં આવ્યો છે. સદરહુ બાઇના પતિએ પણ દીક્ષા ગ્રહણ કરેલી છે. બાઇની ઉમર ( ૨૨ ) વર્ષની છે. બુદ્ધિ સારી છે. અભ્યાસ વિશેષ કરશે તો ચરિત્રનો યોગ પામવાથી આત્માનું કલ્યાણ કરશે.

## "શ્રી ભાવનગરમાં દીક્ષા."

અશાડ શુદ ૧૦ શનીવારે શ્રી મહુવાનિવાસી સુંદરજી કમળશી નામના શ્રાવકે સ્વયમેવ મુનિ વેષ પહેરી લઇ ચારિત્ર ગ્રહણ કર્યું છે. પછી સંઘની આજ્ઞાથી કરેમિભંતે ઉચ્ચરાવીને મુનિ દર્શનવિજયજી નામ રાખવામાં આવ્યું છે અને મુનિરાજશ્રી નેમવિજયજીના શિષ્ય થયા છે. ઉમર સુમારે વર્ષ ૧૮ ની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " શ્રી જૈન કન્યાશાળામાં ઇનામ. "

શેહેર ભાવનગરમાં જૈન કન્યાશાળાનું કામ દિનપર દિન સારા પાયા-પર આવતું જાય છે. સુમારે ૧૨૫ કન્યાઓ અભ્યાસ કરે છે. તેમની પરિક્ષા લઇને ઇનામ આપવાનો મેળાવડો અશાડ વદિ ૨ શનીવારે કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે **શ્રી મુંબઇ** નિવાસી **શેઠ વસનજીભાઇ ત્રીકમજી** તરફથી તેમના મુનિમ **ભારમલભાઇ ખીમજી**એ પોતાના હાથથી દરેક કન્યાઓને બુકો તથા વસ્ત્રો ઇનામ તરિકે તેમની યોગ્યતા અનુસાર આપ્યા છે. જેમાં સુમારે રૂ. ૪૬) નો ખર્ચ કરવામાં આવ્યો છે. આ શુભ પ્રસંગ ઉપર **શ્રી સુરત** નિવાસી **શેઠ નગીનદાસ** કપુરચંદ શ્રી સિદ્ધચળજીની યાત્રાનો લાભ લઇને ભાવનગર પધારેલા તેઓએ કન્યાઓના અભ્યાસથી પ્રસન્ન થઇને હવે પછી પોતાની તરફથી રૂ. ૫૧) નું ઇનામ આપવાનું કબુલ કર્યું છે.

આ કન્યાશાળામાં ત્રણે સ્ત્રી શિક્ષકો છે અને તે પણ જૈન છે. તેમને બાર માસ સુધીના ઉત્તેજન તરીકે **શેઠ વસનજીભાઇ ત્રીકમજી** તરફથી તેજ પ્રસંગે રૂ. ૩૬) રોકડા આપવામાં આવ્યા છે. દ્રવ્યવાન્ ગૃહસ્થોએ પોતાને મળેલા દ્રવ્યનો આવી રીતે સદુપયોગ કરવાની આવસ્યકતા છે.

## સુધારો.

વૈશાખ માસના અંકમાં ભાવનગરમાં થયેલ પ્રતિષ્ટા મહોચ્છવના વૃત્તાંતમાં પૃષ્ટ **૨૬**ની પંકિત ૫ મીમાં **શ્રી ઉના**ના દેરાસરમાં **"દશ વર્ષ રૂ. ૧૫૦) નું વર્ષાસન"** બાંધી આપ્યાનુ લખ્યું છે તે **"દર વર્ષે રૂ. ૧૫૧) નું વર્ષાસન"** સમજવું.

તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇબ્રેરી ખાતે મળેલી ભેટ.

ગયા અંકમાં જણાવ્યા ઉપરાંત નીચે જણાવેલા ગૃહસ્થો તરફથી ભેટ તારેકે રકમ મળી છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

| | | |
|---|---|---|
| ૧૨૫) | શા આણંદજી પુરૂષોત્તમ. | ભાવનગર. |
| ૧૦૧) | શેઠ રતનજી વીરજી | " |
| ૧૦૧) | શા ત્રીભુવનદાસ ભાણજીદાસ. | " |
| ૩૫) | સંઘવી દામોદરદાસ નેમચંદ. | " |
| ૧૦) | શા ઝવેરભાઇ ભાઇચંદ. | " |
| ૫) | દોળીઆ વલભજી રામજી | કોટડા સાંગણી. |
| ૧૦૦) | શા લાલચંદ ચતરદાસ. | જુનર. |
| ૧૦) | શા કુબેરદાસ વાડીલદાસ. | હાલ મહુવા. |
| ૫) | શા સરૂપચંદ લાલચંદ. | દોંડ. |
| ૪૦) | શા રામચંદ જીવરાજ. | જળગામ. |

આ શિવાય જેમના તરફથી બુકો ભેટ તરીકે મળી છે તેની પહોચ હવે પછી આપવામાં આવશે.


## જાહેર ખબર.

(આંખના દરદીઓ માટે અમુલ્ય તક.)

(મુનિરાજ તથા સાધ્વી માટે મફત)

ચક્ષુરૂપી રત્નને જાળવવું એજ દુનીયામાં મોટી દોલત છે. શરીરે સુખી તેજ ખરો સુખી કહેવાય છે, ને શરીરનો આધાર ચક્ષુ ઉપર છે. તેથી આગળ ઉપર ચશ્માની જરૂર ન પડે હમેશાં આંખ સાફ રહે અને તેજી વધે તેને માટે "શુદ્ધ સાચા મોતીનો સુરમો" કાળો, સફેત, અથવા લાલ ત્રણે રંગનો પણ એક સરખા ગુણવાળો અમે બનાવેલો છે તે જોઇએ તેણે મંગાવવો. તેની કિમ્મત નંબર ૧ લાના તોલા ૧ ના રૂ. ૪) અને નંબર બીજાના તોલા ૧ ના રૂ. ૨) પોસ્ટ ખર્ચ જુદું પરદેશવાળાને વેલ્યુપેબલથી મોકલશું. આ દવાથી ઘણા ફાયદા થાય છે. ઘણા માણસોને ફાયદા થયેલા છે તેના સર્ટીફીકેટો અમારી પાસે મોજુદ છે.

ત્રણે જાતનો સુરમો બનાવનાર તથા વેચનાર

**શેઠ ત્રીભોવનદાસ હઠીશંગ.**

જામનગર—કાઠીયાવાડ.


For Private And Personal Use Only

## એક કારકુન જોઇએ છીએ.

અમારી તરફથી પ્રથમ છપાયેલી તમામ બુકો બળી જવાથી તે દરેક જાતની બુકો ફરીને છપાવવાની છે તેના પ્રુફ તપાસવા માટે તેમજ ઓફીસને લગતું કેટલુંક કામકાજ કરાવવા માટે એક કલાર્ક રાખવાની જરૂર છે. તેને સાધારણ સંસ્કૃત જ્ઞાન અને ઉંચી પ્રતિનું ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવું જોઇએ. ગુજરાતી ભાષામાં સાધારણ વિષય લખવા જેટલી શક્તિ હોવી જોઇએ પરંતુ શુદ્ધાશુદ્ધ તરફ પૂરતું લક્ષ હોવું જોઇએ. નામા સંબંધી જ્ઞાન હશે તો વધારે અનુકુળ પડશે. પગાર તેની શક્તિના પ્રમાણમાં માસિક રૂ૨૫) સુધી આપવામાં આવશે. જૈન હોવો જોઇએ એવો નિર્ધાર સમજવો નહીં. અરજી ને સર્ટીફીકેટો નીચેને શિરનામે મોકલવા.

અમરચંદ ઘેલાભાઇ મંત્રી.

---

## લવાજમની પહોંચ.

૬—૪ વકીલ સવજીભાઇ વાલજી
૧—૪ શા મહાસુખરામ વીરચંદ
૧—૪ શા ડોસલચંદ બેચર
૩-૧૪ શા ચુનીલાલ દલસુખ
૧—૪ શા ચોથમલ ચાંદમલ
૬ ૧૪ શા ભગવાનજી પુરૂષોતમ
૨-૧૦ શા ખુશાલ ડોસાભાઇ
૨—૬ શેઠ અમરચંદ તલકચંદ
૧—૬ વોરા ધનજી સુદરજી
૧—૪ શા પોપટલાલ ત્રીભોવનદાસ
૮—૬ શા વાડીલાલ સાંકલચંદ
૧—૪ શા ઉકાભાઇ માનચંદ
૧—૪ શા માણેકચંદ રાજમલજી
૨-૧૦ શા કેવળ ખીમચંદ
૧—૪ શા સરૂપચંદ લાલચંદ
૧—૪ શા ખીમચંદ ઝવેરચંદ
૧—૩ શા જેઠાભાઇ ગુલાબચંદ
૧—૪ પારી ન્યાલ શવજી
૧—૬ શા મગનભાઇ ગલાબચંદ
૦—૬ શા સરૂપચંદ ઇચ્છાચંદ
૧—૪ શા ચુનીલાલ ગુલાબચંદ દાલીયા.


### છપાઇને બહાર પડેલ છે.

## શ્રી તત્વ નિર્ણય પ્રાસાદ ગ્રંથ.

શ્રીમન્ મુનિમહારાજ શ્રી આત્મારામજી કૃત)

અમારી ઓફીસમાંથી મળશે. કિમત રૂ.૪) પોસ્ટેજ જુદું.

અનેક અપૂર્વ હકીકતોથી ભરપૂર છે.

[વિશેષ વર્ણન હવે પછી લખશું.]